
# કોઈ ન કરી શકે



બાદશાહ કહે : “બીરબલ ! કોઈ ન કરી શકે એવું કામ કોણ કરી શકે ?”

બીરબલ કહે : “સાહેબ ! નાનાં છોકરાં.”

બાદશાહ કહે : “ઠીક ગપ્પો લગાવ્યો !”

બીરબલ કહે : “તો જોજો કોઈ વાર !”

બાદશાહ કહે : “ઠીક ત્યારે.”

બાદશાહ તો બીરબલની સાથે થયેલી વાત ભૂલી ગયો.

બીરબલ તો શેરીમાં ગયો. જઈને કહે : “એલાં છોકરાંઓ ! આંહી આવો.”

ત્યાં તો છોકરાંની ટોળી આવીને ઊભી રહી.

“એલાં, એક કામ કરશો?”

“હા, હા ; જે કહો તે કરીએ.”

“જાઓ ત્યારે – આ ગઢ છે ને, એની પાસે ધૂળનો ઢગલો કરવા માંડો. જોજો, જે એક ધાબળી નાખે એને બે પાઈ આપીશ.”

છોકરાની જાત ! એક, બે, ત્રણ, ચાર.... એમ કરતાં આખી શેરીનાં છોકરાં ભેળાં થયાં. એ તો ધાબળીએ ધાબળીએ માંડયાં ધૂળ નાખવા. ત્યાં તો બીજી શેરીનાં છોકરાં આવ્યાં, ત્યાં ત્રીજી શેરીનાં આવ્યાં, ને ત્યાં તો આખા ગામનાં આવ્યાં....

બીરબલ તો એકેક પાઈ આપતો જાય ને કહેતો જાય : “હમ્ મારા બાપા, હમ્ મારા બાપા – થાવા દ્યો !”

છોકરાં એટલે તો કટક ! ઘડીક થઈ ત્યાં તો મોટો ઉકરડા જેવડો ઢગલો થઈ ગયો. ને બે ઘડી થઈ ત્યાં તો ઢગલો ગઢને કાંગરે પહોંચ્યો !

બીરબલ કહે : "હવે બધાં ખૂંદીને કરો રસ્તા જેવું."

છોકરાંઓને તો એ જ જોઈતું હતું ! એ તો માંડયાં ખૂંદવા. ઘડીકમાં તો રસ્તો થઈયે ગયો. ઠેઠ શેરીમાંથી ગઢ ઉપર જવાય એવો રસ્તો બની ગયો !

બીરબલ કહે : "હવે બસ."

પછી બીરબલે હાથીથાનમાંથી એક હાથી મંગાવ્યો. હાથીના મહાવતને કહે : "આ રસ્તા ઉપરથી હાથીને ગઢ ઉપર ચડાવી દે."

રસ્તો બરાબર હતો, એટલે હાથી ચડી ગયો. ગઢ ઉપર હાથી ઊંચે દેખાયો ; બધાં જોઈ રહ્યાં.

બીરબલ કહે : "એલાં છોકરાંઓ ! આ ધૂળનો ઢગલો હવે વીંખી નાખો ને ધૂળ બધી શેરીમાં પાથરી દ્યો. જેવું હતું તેવું કરી દ્યો. એક એક ધાબળી ને એક એક પાઈ !"

છોકરાં તો ઉપડયાં. પાઈ જાય ને ધાબળી ધૂળ ફેંકતા જાય. છોકરાં મંડયાં, પછી કેટલી વાર ?

ઘડીકમાં તો હતું તેવું થઈ ગયું. જાણે ધૂળનોઢગલો હતો જ નહિ ! કોઈને ખબરેય ન પડે કે હાથી ગઢ પર શી રીતે ચડયો હશે.

બીરબલ કહે : "એલાં છોકરાંઓ ! હવે ચાલ્યાં જાઓ ; હું બોલાવું  ત્યારે આવજો."

છોકરાં બધાં ચાલ્યાં ગયાં. બીરબલે બાદશાહને બોલાવ્યો. બાદશાહ તો ગઢ ઉપર હાથી જોઈને દંગ જ થઈ ગયો !

બીરબલ કહે : "સાહેબ ! નાનાં છોકરાંએ ચડાવ્યો."

બાદશાહ કહે : "શી રીતે?"

બીરબલે બધી વાત કરી. બાદશાહ ખુશ થયો. ખાધું પીધું ને રાજ કર્યું.....

પણ હાથી નીચે ઊતર્યો કે નહિ ?

ઊતર્યો જ તો !

કેવી રીતે ?

પાછાં બીરબલે છોકરાંને બોલાવ્યાં ને ધૂળનો ઢગલો કરાવીને હાથીને હેઠે ઊતાર્યો.

વાહ, આ તો ભારે ગમ્મત !

**લેખક : ગિજુભાઈ**